© IJCIRAS | ISSN (O) - 2581-5334
October 2020 | Vol. 3 Issue. 5

# શિક્ષણ અને જીવન ઘડતર

***Vinit R Singhaniya***

*Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad*

આપણે આપણા જીવન દરમિયાન શીખવાની મોટામાં મોટી અને ખુબજ અગત્યની જો કોઈં કળા હોય તો તે જીવન જીવવાની કળા છે. કેમ કે આ કળા જેણે હસ્તગત નથી કરી, તેને બીજી કોઈપણ કળા કામમાં નથી આવતી. હંમેશા યાદ રાખીએ જીવન જીવવું એ પણ એક કળા છે. આ કળા જેણે હસ્તગત કરી છે. એવી વ્યક્તિ ગમે તેવી પરિસ્થિતિમાં/મુશ્કેલીમાં પણ હિંમત હારતી નથી, તે દુ:ખદાયક પરિસ્થિતિમાં પણ અડગ રહી શકે છે, ખુશ રહી શકે છે. એ જ તો આ જીવન કલાની ખૂબી છે.

" સંતાન સાથે ઘર્ષણ થવું અસામાન્ય નથી ,

પરંતુ માં- બાપ એને પરિપકવતાથી સંભાળી કે ઉકેલી, ન શકે તો તે અસામાન્ય છે " ડો – હંસલ

જીવન ઘડતર મહત્વનું પ્રદાન કરનાર અગત્યના ઘણા પરિબળો છે. આ બધા પરિબળો વિધેયાત્મક કે નિષેધાત્મક ભાગ ભજવે છે. આપણે વિશાળ દ્રષ્ટિએ આવાં પરિબળોમાં સંસ્કાર, પર્યાવરણ કે પરિવેશ, કર્મ, કેળવણી, અનુભૂતિ અને જીવનના ધ્યેયની ગણના કરી શકીએ છે.

સોક્રેટીસે એક વખત પોતાના વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછ્યો : તમારું જીવનધ્યેય શું છે ? એક વિદ્યાર્થીએ કહ્યું કે તે કાયદાશાસ્ત્રી બનવા માંગે છે, વાલી બીજાએ કહ્યું કે તે ડોક્ટર બનવા માંગે છે વગેર......... એવામાં એક વિદ્યાર્થી ઉભો થયો અને કહ્યું કે તે 'માનવ' બનવા માંગે છે. આ સંભાળીને સોક્રેટીસના આનંદનો પાર ન રહ્યો. વાસ્તવિક રીતે તો આપણે બધાએ પ્રથમ માનવ બનવું જોઇએ અને પછી વકીલ, ડોકટર એન્જિનિયર વગેરે... તો જ અન્ય સમાજ તેમજ મનુષ્યો પર ભાવાત્મક અસર પડશે. એટલે જ સ્વામી વિવેકાનંદ "માનવ બનાવો" ની કેળવણી ઝંખતા હતા

આજના પ્રવર્તમાન સમયમાં શિક્ષણએ એક ધન પ્રાપ્તિનો ગોરખધંધો બની ગયો છે. શિક્ષણ એ આજના સમયમાં વિદ્યાર્થી, વાલી અને સમાજ માટે એક આવક પ્રાપ્તીં ધ્યેય બની રહ્યું છે. શિક્ષણ મેળવી આજનો માનવી ડોક્ટર, એન્જિનિયર, વકીલ બની રહ્યા છે પરંતુ તેમનામાંથી "માનવ" ભાવના મરી પરવારી રહી છે. આજે શિક્ષણ મેળવી સાહેબ બની બેસનાર માનવીમાં પ્રેમભાવના, લાગણી, ભ્રાતૃભાવ, રાષ્ટ્રપ્રેમ, દયા, કરુણા જેવા માનવ મૂલ્યોનો નાશ થયો છે અને આજનો વિદ્યાર્થી અને સમાજ પણ શિક્ષણને એક આવક પ્રાપ્તિના સાધન તરીકે જોઈ રહ્યો છે, નહી કે જીવન ઘડતર તરીકે, તેના પરિણામે આજના સમાજમાં ભણેલ - ગણેલ યુવાનો પણ શિક્ષણ મેળવીને જીવન ઘડતર કરી શક્યા નથી અને ચોરી , લુંટફાટ, હતાશા અને આત્મહત્યા જેવા દુષ્કૃત્યોરૂપી અજગરના ભરડામાં ફસાતો જાય છે.

કેળવણીએ દરેક યુગની જરૂરીયાત છે એ નિ:સંદેહ છે પરંતુ આજનું શિક્ષણએ જીવન ઘડતરરૂપી બની રહેવાની જગ્યાએ અનિષ્ટ સાધનોથી લખલૂટ ધન કમાવવાના ધ્યેયવાળા કારકુનો, વ્યવસાયિકો, ઈજનેરો, ડોકટરો પેદા કરવાવાળું બની ગયું છે ખરેખર તો શિક્ષણનો મીખ્ય હેતુ "અણઘડ પથ્થરમાંથી માનવને શ્રેષ્ઠતમ જીવન ઘડતર કરવાનો છે"

પરંતુ આજના યુગમાં શિક્ષણ સામેની એક મોટી ફરિયાદ એ છે કે તે માત્રને માત્ર યાદશક્તિની પરીક્ષા કરે છે જીવન જીવવા માટેનું વાસ્તવિક પ્રશિક્ષણ આપી શકતુ નથી અને બાળક તથા યુવાનોના જીવન ઘડતરનો પ્રશ્ન સમાજમાં ખુબ જ વિકરાળ સ્વરૂપ

ધારણ કરતો જાય છે . જેના પરિણામે આજે દેશમાં શિક્ષિત યુવાનો રોજગારી માટે, અનામત માટે, નોકરી માટે, રોડ ઉપર ઉતારી હિંસક આંદોલન કરતાં જોવા મળી રહ્યા છે.

સમયના વિવિધ તાંતણે એ સ્વીકૃત થયું છે કે આર્થિક વિકાસનું સબળ માધ્યમ કેળવણી છે. કેળવણી અને આર્થિક વિકાસ આ બન્ને માનવીના વર્તનમાં પરિવર્તન તેમજ સમાજને યોગ્ય પ્રગતી સાથે સંકળાયેલા છે.

કોઠારી કમિશન પણ પોતાના અહેવાલમાં શિક્ષાને આર્થિક ઉત્પાદકતા સાથે જોડવાની વાત કરી છે.

ગાંધીજીએ પણ બુનિયાદી શિક્ષણમાં સ્વાવલંબન તેમજ ઉદ્યોગ સાથે અનુબંધ સાધવાની વાત કરી શિક્ષાને આર્થિકતા સાથે સંકલન કરી છે

આર્થિક વિકાસમાં કેળવણી ઉપયોગી નીવડે છે આપણે વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં આ બાબતો ધ્યાનમાં રાખી વ્યવસાયિક અભ્યાસો દાખલ કરવામાં આવ્યા છે. પરંતુ કેળવણી ક્ષેત્રે દાખલ કરવામાં આવેલા અભ્યાસો પ્રત્યે અરુચિ, અભ્યાસો દ્વારા યોગ્ય વળતરનો અભાવ, શારીરિક શ્રમ આધારિત વ્યસાયિક શિક્ષણ પ્રત્યેની સૂગ, શાળા – કોલેજમાં પરંપરાગત રીતે તેમજ ઉદારમતવાદી અભ્યાસક્રમો, નોકરી અપાવતા અભ્યાસોમાં જ રસ, વગેરેને કરને આજના શિક્ષણમાં ભષ્ટાચાર, અનીતિ, ગેરરીતિ ખુબ ફૂલ્યાફાલ્યા છે.

સામાન્ય રીતે વર્તમાન શિક્ષણ મેકોલોના લક્ષ્ય આધારીય માત્ર ક્લાર્કો ઉત્પન્ન કરે છે, નોકરીયાતો ઉત્પન્ન કરે છે. પરંતુ વાસ્તવિક રીતે દરેકને કલાર્કની નોકરી મળવી કે આપવી મુશ્કેલ છે. દરેકને નોકરીયાત બનાવવો મુશ્કેલ નહિ અસંભવ છે. ત્યારે તે દેશની જરૂરીયાત અનુસાર બહારથી વિદેશી કંપનીઓને નિમંત્રણ આપવાની ફરજ પડે છે આવનાર કંપની જો શોષણને સ્થાન આપે તો ભૂતકાળની જેમ જ દેશમાં ગુલામી વ્યાપે અને અરાજકતા ફેલાય તે સ્વાભાવિક છે. રોજગારી માટે ,નોકરી માટે, અનામત માટેના આંદોલનોમાં યુવાનોનો ભવ્ય રોલ જે આપણે જીઓએ છીએ ત્યારે આપણે ચેતી જવું જોઈએ અને આપણે આપની વર્તમાન શિક્ષણ પ્રણાલીને ગાંધી ચિંધ્યા માર્ગે આગળ ઝંપલાવવું જોઈએ. વર્તમાન પ્રણાલી જે માત્રને માત્ર બેકારો ઉત્પન્ન કરતી હોય તો તે દિવસ દુર નથી કે દેશમાં સામાજિક દ્રોહ ઉભો ન થાય. અગમચેતીથી સાવધાન બની આપણે ગાંધીજી દ્વરા અપાયેલ શિક્ષણ પદ્ધતિ ઉદ્યોગ દ્વારા શિક્ષાને અમલી બનાવીએ.

ગાંધીજીએ કહ્યું છે કે ઉદ્યોગ દ્વરા શિક્ષણની ભારત દેશમાં અતિ આવશ્યકતા છે ઉદ્યોગ દ્વારા શિક્ષણ એટલે શિક્ષણમાં ઉદ્યોગ નહિ પરંતુ ઉદ્યોગ દ્વારા ગણિત, વિજ્ઞાન, સમાજ, પર્યાવરણ, ઈતિહાસ વગેરે વિશેનું જ્ઞાન આપીએ જેણે બુનિયાદી શાળામાં " સમવાય શિક્ષણ " નામ અપાયેલું છે સમવાય એટલે અનુબંધ – અહી ઉદ્યોગ અને શિક્ષણ બંનેને જોડીને શિક્ષણકાર્ય કરવાનું હોય છે.

ગાંધીજી ખાદી બનાવવાના ઉદ્યોગ દ્વરા શિક્ષણનું દ્રષ્ટાંત આપતા જણાવે છે કે કપાસની વાવણી થાય ત્યારે બાળકને જમીન, જમીનનો પ્રકાર વિશેનું જ્ઞાન આપીએ, તેમજ કપાસ ક્યાંથી આવ્યો, કપાસમાંથી શું – શું બને, તે જણાવી ઈતિહાસ પણ શીખવી શકાય છે, નિંદામણ દરમિયાન વિજ્ઞાન પણ શીખવી શકાય છે, કીટકો આવે ત્યારે ઉત્ક્રાંતિવાળ શીખવી શકાય છે, ખેતરમાં વાવેતર દરમિયાન ખેતરના ક્ષેત્રફળ માપ કરતાં શીકવી તેના દ્વારા ગણિત શીખવી શકાય છે, કામમાં થતાં ખર્ચના હિસાબને આધારે નફો – ખોટ તેમજ વ્યાજ વગેરે જેવી ગાણિતિક પ્રક્રિયાઓ શીખવી શકાય. પીંઝવું, કપડાનો રંગ, તેમાં વિવિધતા, વણાટકામ વગેરેને આધારે આયોજન તેમજ અર્થશાસ્ત્ર શીખવી શકાય. ઉપરાંત આવા ઉદ્યોગ દ્વારા બાળકનું સર્વાંગી શિક્ષણ સંભવ બને જેમકે બાળકને શારીરિક શિક્ષણ, પરિશ્રમનું મહત્વ સમજાય છે. આમ ઉદ્યોગ સાથે વિષયતા જ્ઞાનને જીદોને શિક્ષાની વાત ગાંધીજીએ કરી છે.

ઉદ્યોગ દ્વરા શિક્ષણના ફાયદા :-

- ઉદ્યોગ દ્વારા શિક્ષાને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અને પ્રોજેકટ પદ્ધતિને પોતાનામાં સમાવી લે છે, એટલે કે આ શિક્ષણ પદ્ધતિમાં અન્ય મહત્વપૂર્ણ શિક્ષણ પદ્ધતિઓ આવરાયેલી છે જે તેની આગવી વિશેષતાઓ છે.
- આં પદ્ધતિથી સામાજિક બેકારીના પ્રશ્નમાં રાહત રહે છે એટલે કે સમાજ અખંડ રહે છે
- બાળકમાં શ્રમનાં મહત્વનો વિચાર ગાઢ તેમજ પ્રેક્ટીકલી બને છે.
- વિષય શિક્ષણ રસયુક્ત તેમજ સરળ બને છે

ઉદ્યોગ દ્વારા શિક્ષણએ ભારતીય સમાજ માટેની વિશિષ્ટ જરૂરીયાત છે જો શિક્ષણનું માધ્યમ ઉદ્યોગ બને તો બેકારી તેમજ શિક્ષણના ખર્ચને સરળતાથી કાબુ કરી શકાશે. ભારત માટે આ પદ્ધતિ આવતી પેઢીના શિક્ષણ માટેની ઉતમ પદ્ધતિ છે.

## References:

[1] " પાયાની કેળવણી " લેખક – મોહનદાસ કરમચંદ ગાંધી